# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-01-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GPSC

ગુજરાત જાહેર સેવા આયોગ GPSCનું વર્ષ 2025 માટેનું કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. વિવિધ કેડરની એક હજાર 751 ભરતીમાં 160 ડેપ્યુટી સેક્શન ઓફિસર અને નાયબ મામલતદાર, શિક્ષણ સેવા વર્ગ-2ની 300 જગ્યાઓ, રાજ્ય વેરા નિરિક્ષકની ૩૨૩ અને વહીવટી સેવા વર્ગ 1, 2ની 100 જગ્યાઓ માટે ભરતી કરાશે.

. . . . . . . . . . . . . .

# TUVER KHARIDI

રાજ્ય સરકાર તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી કરશે. વેચાણ કરવા માગતા ખેડૂતો આગામી 3થી 20 ફેબ્રુઆરી સુધી ઈ-સમૃદ્ધિ પૉર્ટલ પર ઑનલાઈન નોંધણી કરાવી શકશે. તુવેરની ખરીદી માટે 206 ખરીદ કેન્દ્ર સૂચિત કરાયા છે. ખેડૂતોના પોતાના પાકના પોષણક્ષમ ભાવ મળે તે હેતુથી કૃષિમંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, ખેડૂતો ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી VCE મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પૉર્ટલ પર નિ:શુલ્ક નોંધણી કરાવી શકશે.

. . . . . . . . . . . . . .

# CABINET MEETING

ગાંધીનગરમાં આજે મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં વિધાનસભાના અંદાજપત્ર સત્રની તૈયારીઓ, સત્ર દરમિયાન રજૂ થનારા ખરડાઓ, મહાકુંભ માટે શરૂ થયેલી વૉલ્વો બસ તેમજ મુખ્યમંત્રીના પ્રવાસ અંગે ચર્ચા કરવામાં આવી.

ઉપરાંત બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાના વિભાજન બાદ મળેલી રજૂઆતો અંગે સમીક્ષા કરવામાં આવી. આ તરફ રાજ્યના મુખ્ય સચિવ રાજ કુમારની આ છેલ્લી મંત્રીમંડળની બેઠક હતી.

. . . . . . . . . . . . . .

# DAMAN KHELO INDIA

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ખેલો ઇન્ડિયા સ્ટેટ સેન્ટર ઑફ એક્સલેંન્સમાં પ્રવેશ માટે પસંદગી કસોટી ચાલી રહી છે. નાની દમણ સ્વામી વિવેકાનંદ મેદાનમાં સવારથી ભારે સંખ્યામાં રમતગમત વિભાગ દ્વારા તેમની પસંદગી માટે પ્રક્રિયા હાથ ધરાઈ હતી. દરમિયાન ટેબલ ટેનિસ, તીરંદાજી અને એથ્લેટિક્સ માટે પસંદગી કરાશે એમ રમતગમત અધિકારી અક્ષય કોટલવાલે જણાવ્યું હતું.

(બાઈટઃ અક્ષય કોટલવાલ, રમતગમત અધિકારી)

. . . . . . . . . . . . .

# KUTCH BHUKAMP

કચ્છ જિલ્લાના વાગડ વિસ્તારના ભચાઉમાં આજે સવારે 3 વાગ્યેને 13 મિનિટે ધરતીકંપના આંચકાઓ અનુભવાયા હતા. કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, ભચાઉ પાસે આવેલા ધરતીકંપની તીવ્રતા રેક્ટર સ્કેલ પર ત્રણ માપવામાં આવી હતી. ધરતીકંપનું કેન્દ્ર બિન્દુ ભચાઉથી 19 કિલોમીટર દૂર હોવાનું જણાયું હતું.

. . . . . . . . . . . . .

# CHHOTA UDEPUR CREDIT CAMP

છોટાઉદેપુરમાં બેન્ક ઓફ બરોડા દ્વારા યોજાયેલા મેગા ક્રેડિટ કેમ્પમાં વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને ચેકનું વિતરણ કરાયું હતું. દરમિયાન 223 લાભાર્થીઓને 10 કરોડ રૂપિયા જેટલી ધિરાણ સહાય અપાઈ હતી. આ અંગે બેન્ક ઓફ બરોડાના જનરલ મૅનેજર અનુજ ભાર્ગવે માહિતી આપી હતી.

(બાઈટઃ અનુજ ભાર્ગવ, જનરલ મૅનેજર, બેન્ક ઓફ બરોડા)

. . . . . . . . . . . . .

# BHARUCH AAG

ભરૂચ જિલ્લાની ઑઈલ એન્ડ નેચરલ ગેસ કૉર્પોરેશન – ONGCમાં આજે આગ લાગી હતી. ભરૂચના અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે, વાગરાના અંભેલ ગામમાં ONGCના GSS—8 પ્લાન્ટમાં લાગેલી આગને અગ્નિશમન દળે બે કલાકમાં કાબૂમાં લીધી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. જ્યારે આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી.

. . . . . . . . . . . . .

# BJP PARLIAMENTARY MEETING

રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે આજે અને આવતીકાલે ભારતીય જનતા પાર્ટીની સંસદીય બોર્ડની બેઠક યોજાશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ચૂંટણી માટે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. દરમિયાન મળેલા નામની ચર્ચા સંસદીય બોર્ડની બેઠકમાં કરાશે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આ બેઠક ગાંધીનગરમાં યોજાશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આગામી 16 ફેબ્રુઆરીએ 66 નગરપાલિકા, એક મહાનગરપાલિકા, તાલુકા પંચાયત, પેટાચૂંટણી યોજાશે. આ માટેના ઉમેદવારો અંગે આ બેઠકનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . . .